ઇન્ડસઇન્ડ બેંક ડેબિટ કાર્ડના ઉપયોગના નિયમો

IndusInd Bank

શરતો અને નિયમો

મહત્વપૂર્ણ: કૃપા કરીને સુનિશ્ચિત કરો કે તમે ઇન્ડસઇન્ડ બેંક ('બેંક') ડેબિટ કાર્ડનો ઉપયોગ કરતબીવપક્ષાં પહેલાં આ ડેબિટ કાર્ડના નિયમો અને શરતો કાળજીપૂર્વક વાંચ્યાં છે. ડેબિટ કાર્ડનો ઉપયોગ કરીને, તમે અહીં સૂચિબદ્ધ નિયમો અને શરતોનો બિનશરતી રીતે સ્વીકાર કરો છો અને તેમના દ્વારા બંધાયેલા રહેશો અને સંબંધિત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ) રેગ્યુલેશન્સ, આરબીઆઈના એક્સચેન્જ કન્ટ્રોલ રેગ્યુલેશન, ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ અધિનિયમ 1999 ("FEMA"), હેઠળ ઘડવામાં આવેલા તમામ નિયમો અને નિયમનો અને સમયાંતરે સુધારા/સંશોધિત/લાગુ થતા અને સમયાંતરે અમલમાં આવતા અન્ય કોઈ પણ અનુરૂપ અધિનિયમોનું અનુપાલન કરવાનું તમે સ્વીકારો છો. બેંક સાથેના તમારા બચત બેંક ખાતા/ચાલુ ખાતાના સંચાલનના નિયમો અને શરતો અથવા બેન્ક દ્વારા નિર્ધારિત કરાઈ શકે તે કોઈ અન્ય નિયમોથી પણ બંધાયેલા રહેશો.

વ્યાખ્યાઓ:

''**કાર્ડ**'' **અથવા** ''**ડેબિટ કાર્ડ**'', ઇન્ડસઇન્ડ બેન્ક દ્વારા કાર્ડધારકને જારી કરાયેલ ઇન્ડસઇન્ડ બેન્ક માસ્ટર કાર્ડ/ વિઝા/ રૂપે ડેબિટ કાર્ડને સંદર્ભિત કરે છે. ડેબિટ કાર્ડ પ્રત્યક્ષ અથવા વર્ચ્યુઅલ પેમેન્ટ સાધન છે, જેમાં બચત/ચાલુ બેન્ક ખાતે સંકળાયેલી ઓળખના માધ્યમોનો સમાવેશ થાય છે, જે રોકડનો ઉપાડ કરવા, ઓનલાઈન ચુકવણી કરવા, પીઓએસ ટર્મિનલ/ક્વિક રિસ્પોન્સ (ક્યુઆર) કોડ લેણદેણ વગેરે કરવા માટે ઉપયોગ કરાઈ શકે છે, જે મુકરર નિયમો અને શરતોને આધીન રહેશે.

''**કાર્ડધારક**'', ઇન્ડસઇન્ડ બેન્કના ગ્રાહકનો ઉલ્લેખ કરે છે, જેમને ઇન્ડસઇન્ડ બેન્ક ડેબિટ કાર્ડ જારી કરવામાં આવે છે.

''**અકાઉન્ટ (એકાઉન્ટ્સ)**'' એ કાર્ડધારકોના બચત અથવા ચાલુ ખાતાને સંદર્ભિત કરે છે, જે ડેબિટ કાર્ડની માન્ય કામગીરી માટે પાત્ર ખાતા (ખાતાંઓ) માટે ઇન્ડસઇન્ડ બેંક દ્વારા નિર્ધારિત કરવામાં આવ્યાં છે.

''**અકાઉન્ટહોલ્ડર(ર્સ)/ગ્રાહક(કો)**'' કાર્ડધારકોના બચત અથવા ચાલુ ખાતાને સંદર્ભિત કરે છે.

''**એટીએમ**'' એ ભારતમાં અથવા વિદેશમાં ઓટોમેટેડ ટેલર મશીનને સંદર્ભિત કરે છે, પછી ભલે એ ઇન્ડસઇન્ડ બેંકનાં હોય કે સહિયારે કરેલા નેટવર્ક પરની કોઈપણ અન્ય બેંકની, જેમાં અન્ય વસ્તુઓની સાથે, કાર્ડધારક તેના ખાતા (ખાતાઓ)માં ઇન્ડસઇન્ડ બેંકમાં રાખવામાં આવેલ તેમના ભંડોળને પહોંચવા માટે તેમના ડેબિટ કાર્ડનો ઉપયોગ કરી શકે છે.

''**પીઆઈએન**'' અર્થાત્ ઇન્ડસઇન્ડ બેંક દ્વારા કાર્ડધારકને ફાળવવામાં આવેલ વ્યક્તિગત ઓળખ નંબર (એટીએમ ખાતે રોકડ ઉપાડ અને બેલેન્સ પૂછપરછ અને ઇન્ટરનેટ બેન્કિંગ અને મોબાઈલ બેન્કિંગ પર મંજૂર લેણદેણ માટે) છે, જે તેમના દ્વારા સમયાંતરે નક્કી કરવામાં આવે છે.

''**મર્ચન્ટ**'' **અથવા** ''**વેપારી આસ્થાપના**''નો અર્થ જ્યાં પણ સ્થિત એવી આસ્થાપનાઓ (પ્રત્યક્ષ/ઓનલાઈન) છે, જે કાર્ડ સ્વીકારે છે અને અન્યોમાં સમાવિષ્ટ છે: સ્ટોર્સ, શોપ્સ, રેસ્ટોરાં, એરલાઈન સંસ્થાઓ વગેરે, જે ઇન્ડસઇન્ડ બેન્ક ઓફ માસ્ટરકાર્ડ/વિઝા/રુપે દ્વારા જાહેરાત કરાય તે મુજબ રહેશે.

''**પોઇન્ટ ઓફ સેલ (પીઓએસ) ટર્મિનલ**'' ભારત અથવા વિદેશમાં વેપારી આસ્થાપના ખાતે પીઓએસ ઇલેક્ટ્રોનિક ટર્મિનલ્સ સંદર્ભિત કરે છે, જે કાર્ડ લેણદેણ પ્રક્રિયા કરવામાં સક્ષમ હોય અને જ્યાં કાર્ડધારક બેન્ક પાસે તેના સંકળાયેલા ખાતામાંથી કાપીને ખરીદી કરવા માટે કાર્ડનો ઉપયોગ કરી શકે.

''**લેણદેણ**'' એટીએમ અને/અથવા વેપારી આસ્થાપનાઓ ખાતે કાર્ડનો ઉપયોગ કરીને ઉપલબ્ધ કરાતી અન્ય સેવાઓ, વેપારી આસ્થાપના ખાતે કરાતી ખરીદીઓ/ લેવાતી સેવાઓ માટે રોકડ ઉપાડ, ચુકવણી સંદર્ભિત કરે છે.

''**આંતરરાષ્ટ્રીય લેણદેણ**'' ભારતની બહાર અને આંતરરાષ્ટ્રીય વેબસાઈટ્સ/એપ્લિકેશન્સમાં તેના આંતરરાષ્ટ્રીય પ્રમાણિત ડેબિટ કાર્ડ થકી કાર્ડધારક દ્વારા કરાતી લેણદેણને સંદર્ભિત કરે છે.

''**સંપર્કરહિત લેણદેણ**'' મર્ચન્ટ આઉટલેટ ખાતે એનએફસી અભિમુખ પીઓએસ ટર્મિનલ્સ પર ટેપ કરીને કાર્ડની ચુકવણી કરવાને સંદર્ભિત કરે છે. આ લેણદેણ કોઈ પણ ચિપ/પિન આધારિત લેણદેણ તરીકે સંરક્ષિત છે. ડેબિટ કાર્ડસના નિયમો અને શરતોમાં ઉલ્લેખિત સર્વ અન્ય નિયમો સર્વ સંપર્કરહિત લેણદેણ માટે લાગુ રહેશે.

''**નિષ્ફળ લેણદેણ**'' એવી લેણદેણ સંદર્ભિત કરે છે, જે ગ્રાહકને આભારી કોઈ પણ કારણસર સંપૂર્ણ રીતે પૂર્ણ નહીં થઈ હોય, જેમ કે, સંદેશવ્યવહારની લિંકમાં નિષ્ફળતા, એટીએમમાં રોકડની બિન– ઉપલબ્ધતા, ટાઈમ–આઉટ સત્ર વગેરે

''**માસ્ટર કાર્ડ/ વિઝા/ રુપે**'' વિઝા/માસ્ટરકાર્ડ ઈન્ટરનેશનલ/એનપીસીઆઈ દ્વારા માલિકીને સંદર્ભિત કરે છે.

''**વિઝા/માસ્ટરકાર્ડ/રુપે એટીએમ નેટવર્ક**'' વિઝા/માસ્ટરકાર્ડ/રુપેનો સ્વીકાર કરાતો હોય અને વિઝા/માસ્ટરકાર્ડ/રુપે પ્રતીકો પ્રદર્શિત કરે ત્યાં સ્થિત એટીએમ સંદર્ભિત કરે છે.

''**વેરેબલ્સ**'' સંપર્કરહિત વેરેબલ ડિવાઈસીસ સંદર્ભિત કરે છે, જેમ કે, સ્માર્ટ વોચીસ, વોચ ક્લાસ્પ, રિસ્ટ બેન્ડ્સ, સ્ટિકર્સ, કી ચેઈન્સ અને બેન્ક દ્વારા દ્વારા જારી અન્ય સ્વરૂપો, જ્યાં ગ્રાહકો નિયામક/ગ્રાહક(કો) દ્વારા વ્યાખ્યા અનુસાર મર્યાદા સુધી સંપર્કરહિત લેણદેણ કરી શકે. તે ચુકવણી/બેન્કિંગ લેણદેણ કરવા માટે ડેબિટ કાર્ડની જગ્યાએ અને/અથવા ઉપરાંત જારી (વિશિષ્ટ ગ્રાહકની સંમતિને આધારે) કરી શકાય છે.

''**ઇન્ડસ રિવોર્ડસ અને/અથવા ઇન્ડી લોયલ્ટી પ્રોગ્રામ**'' કાર્ડધારકો માટે લોયલ્ટી પ્રોગ્રામને સંદર્ભિત કરે છે, જે ડેબિટ કાર્ડનો ઉપયોગ કરીને ખર્ચ કરાતા વિવિધ પ્રકાર માટે રિવોર્ડસ છે.

1. ડેબિટ કાર્ડની પાત્રતા અને ગ્રાહક સાથે સંબંધ

કાર્ડનું જારીકરણ અને ઉપયોગ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા **RBI**, (ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ) **FEMA** અને બેંક દ્વારા સમયાંતરે અમલમાં આવતા નિયમો અને નિયમોને આધીન રહેશે. બેંક તેના બચત અને ચાલુ ખાતા ધારકોને (પરવાનગીની કામગીરીને આધીન) આંતરરાષ્ટ્રીય ડેબિટ કાર્ડ / સુવિધા પૂરી પાડે છે. બેન્ક દ્વારા જારી ડેબિટ કાર્ડ વ્યાપારિક દુકાનો પર ખરીદી કરવા, ઓનલાઈન શોપિંગ અને ચુકવણીઓ કરવા, યુટિલિટી બિલો ભરવા, **SIP** દ્વારા રોકાણ કરવા અથવા રોકડ ઉપાડવા માટે ઉપયોગ થઈ શકે છે.

આ કાર્ડસ બહુવિધ ઓનલાઈન અને ઓફ્ફલાઈન/ફિઝિકલ ચેનલો દ્વારા, ગ્રાહકની વિનંતી પર જ, જારી કરવામાં આવે છે, જે સ્વયં અથવા સહાયિત મોડલ, રૂબરૂ અથવા ફોન આધારિત મોડલ હોઈ શકે છે.

બેંક અને કાર્ડ ધારક વચ્ચેનો સંબંધ કરાર આધારિત છે અને ડેબિટ કાર્ડની સ્વીકૃતિ/ઉપયોગ એ ડેબિટ કાર્ડના ઉપયોગને સંચાલિત કરતા નિયમો અને શરતોની સ્વીકૃતિ માનવામાં આવે છે.

ગ્રાહકને જારી કરાયેલ ડેબિટ કાર્ડ બેંકની મિલકત છે અને બેંક નિમ્નાનુસાર અધિકાર અનામત રાખે છે:

- નવા લાભોનો સમાવેશ કરવો/કોઈ પણ સમયે કાર્ડમાંથી કેટલાક વર્તમાન લાભોને બાકાત રાખવા. બેંક ગ્રાહકના ખાતા સામે નોંધાયેલ સરનામા/નંબર/ઈમેલ આઇડી પર કોઈ પણ વર્તમાન ચેનલ દ્વારા ગ્રાહકને જાણ કરવાનો પ્રયત્ન કરશે.
- ગ્રાહકને અગાઉથી જાણ કરીને આરબીઆઈની માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને ગ્રાહકને સોંપાયેલ કાર્ડને સમાપ્ત/બંધ કરવા, અને
- ગ્રાહકની સંમતિના આધારે, કોઈપણ ચોરાયેલ/ગેરવલ્લે થયેલા કાર્ડની જાણ કરવામાં આવે તો ગ્રાહકને રિપ્લેસમેન્ટ કાર્ડ પ્રદાન કરવા. આવા રિપ્લેસમેન્ટ કાર્ડ માટે શુલ્કોની સૂચિ હેઠળ દર્શાવેલ શુલ્ક લાગુ થાય છે.

ડેબિટ કાર્ડ માટેની કેટેગરી અને ફી, જે ખાતા સંકળાયેલ છે તેના પ્રકાર દ્વારા સંચાલિત થશે અને તે બેંકની સંપૂર્ણ વિવેકબુદ્ધિ અનુસાર બદલાઈ શકે છે. કાર્ડના પ્રકાર અને ખાતાના વ્યવહાર દ્વારા સુવિધાઓ અને લાભો સંચાલિત કરવામાં આવશે. ગ્રાહક(કો) દ્વારા વિનંતી અનુસાર કાર્ડ સાથે બેન્ક દ્વારા જારી કુરિયરમાં પત્રનો સમાવેશ રહેશે, જેમાં કથિત કાર્ડની લાગુ વિશિષ્ટતાઓની વિગતોની નોંધ કરાશે. દરેક ડેબિટ કાર્ડ પ્રકાર વિશે વધુ વિગતો મેળવવા માટે બેંકની વેબસાઇટની મુલાકાત લેવાની અથવા શાખા, સંપર્ક કેન્દ્ર અને કાર્ડ લેટર્સ સહિત, પરંતુ તે પૂરતી મર્યાદિત નહીં, પણ અન્ય માન્ય માધ્યમ દ્વારા બેંકનો સંપર્ક કરવો પડશે, જેમાં સુવિધાઓ, લાભો અને પાત્રતા માપદંડ સહિતનો સમાવેશ થાય છે. ડેબિટ કાર્ડ કોઈ પણ સંજોગોમાં કાર્ડધારક દ્વારા હસ્તાંતરિત અથવા સોંપી શકાય તેવું નથી.

2. ઉપયોગના નિયમો

એ) લેણદેણ પાત્રતા અને મર્યાદાઓ

આ કાર્ડ ભારતમાં (ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય કાર્ડ) અને વિદેશમાં (માત્ર આંતરરાષ્ટ્રીય કાર્ડ) ઉપયોગ માટે માન્ય છે. આ કાર્ડ ભારત, નેપાળ અને ભુતાનમાં વિદેશી વિનિમય વ્યવહાર માટે માન્ય નથી. કાર્ડ ભારત/વિદેશમાં માસ્ટરકાર્ડ/વિઝા/રુપે એટીએમ નેટવર્ક અને વેપારી આસ્થાપનાઓ ખાતે માસ્ટરકાર્ડ/વિઝા/રુપે પીઓએસ ટર્મિનલ્સના સભ્ય એવાં ઈન્ડસઈન્ડ બેન્કનાં એટીએમ, અન્ય બેન્કના એટીએમ ખાતે સમયાંતરે બેન્ક દ્વારા મંજૂર અનુસાર લેણદેણ વિકલ્પો માટે જ લાગુ રહેશે. વેપારી **POS** પરના કોઈ પણ વ્યવહારને કાર્ડ પિનનો ઉપયોગ કરીને અધિકૃત કરવાની જરૂર પડશે અને **POS** ટર્મિનલ દ્વારા સ્લિપ જનરેટ થઈ જાય તે પછી પૂર્ણ કરવામાં આવશે. કાર્ડ અથવા કાર્ડ સ્વરૂપનાં પરિબળો, જેમ કે, વેરેબલ્સ/મોબાઈલ ડિવાઈસ આધઆરિત એપ્લિકેશન્સનો ઉપયોગ આરબીઆઈની માર્ગદર્શિકાનું પાલન કરતાં બેન્ક દ્વારા સ્થાપિત મર્યાદા સુધી કાર્ડ પિનનો ઉપયોગ કર્યા વિના કરી શકાય છે. વેપારી આસ્થાપનાની માગણી પર ગ્રાહકે પોતાની અધિકૃતિ કરવા માટે **POS** ટર્મિનલ દ્વારા જનરેટ કરેલી સેલ્સ સ્લિપ પર સહી કરવાની જરૂર રહેશે. વેપારી આઉટલેટ દ્વારા પૂરા પાડવામાં આવતા માલ/સેવા સાથેના કોઈ પણ મુદ્દા માટે બેંક જવાબદાર નથી (ખામીઓ, ડિલિવરીમાં વિલંબ, નબળી ગુણવત્તા સુધી મર્યાદિત નથી) અને આવા કોઈ પણ વિવાદનું સમાધાન વેપારી અને ગ્રાહક વચ્ચે થવું જોઈએ.

કાર્ડના ઉપયોગ દ્વારા દિવસ દીઠ વ્યવહાર કરી શકાય તેટલી ન્યૂનતમ/મહત્તમ રકમ અથવા એવી કોઈ સીમાઓને મર્યાદિત કરવાનો અધિકાર બેંક અનામત રાખે છે, જે એકાઉન્ટના ખાતામાં ઉપલબ્ધ હોય. આવી વ્યવહાર સીમાઓ તમામ એટીએમ પર લાગુ થશે અને વિવિધ બેંકોના નેટવર્ક, દેશ–દેશમાં અને સમયાંતરે વિવિધ એટીએમ વચ્ચે ભિન્ન હોઈ શકે છે. અલગ અલગ એટીએમ/નેટવર્ક દ્વારા વ્યવહારો માટે આ મર્યાદાઓમાં એકરૂપતાના અભાવને કારણે ગ્રાહકને થનારી કોઈ પણ ખોટ કે અસુવિધા માટે બેંક જવાબદાર રહેશે નહીં. સગીર (10 વર્ષથી વધુ ઉંમર) માટે ડેબિટ કાર્ડ સુવિધા કાર્ડ પર નિશ્ચિત ઉપાડની મર્યાદાનું નિયમન કરીને પૂરું પડાશે.

બેંક એવા કોઈ પણ ટ્રાન્ઝેક્શનને નકારવાનો અધિકાર અનામત રાખે છે જે ખાતાના પ્રકાર અને ગ્રાહકને આપવામાં આવેલ ડેબિટ કાર્ડ માટેના વ્યવહારોની અધિકૃત સૂચિ અંતર્ગત ન આવતા હોય અથવા એવા કિસ્સામાં જ્યાં કાર્ડને લાગુ પડતી હોય એવી મર્યાદાઓનો ભંગ થતો હોય. ઈન્ટરનેશનલ ડેબિટ કાર્ડનો ઉપયોગ ફક્ત **FEMA** નિયમો, 1999 દ્વારા સંચાલિત અનુમતિપાત્ર ચાલુ ખાતાના વ્યવહારો માટે જ થઈ શકે છે, વધુમાં આવા કોઈ પણ વ્યવહારમાં પણ RBI અથવા ભારત સરકાર દ્વારા સમયાંતરે નિર્ધારિત નિયમો અને નિયમોનું પાલન થવું જોઈએ અને ઉપરોક્ત નિયમો/નિયમોનું અનુપાલન ન કરવાને કારણે ઉદ્ભવતા કોઈ પણ દંડ/પગલાં માટે ગ્રાહક જવાબદાર રહેશે.

લિબરલાઈઝ્ડ રેમિટન્સ સ્કીમ (LRS) અંતર્ગત, નિવાસી વ્યક્તિઓ માટે, ક્ષજ્ઞ અંતર્ગતના દરેક રેમિટન્સ ટ્રાન્ઝેક્શન માટે કાયમી એકાઉન્ટ નંબર ('PAN') આપવાનું ફરજિયાત છે, જેમાં વિફળ જતાં બેંક ડેબિટ કાર્ડ પર આંતરરાષ્ટ્રીય વ્યવહારની સુવિધા બંધ કરી દેશે.

મંજૂર મર્યાદાથી વધુ અને/અથવા ભારતમાં લાગુ પડતા નિયમો અને નિયમનો અને/અથવા જ્યાં કાર્ડનો ઉપયોગ થઈ શકે છે, એ દેશમાં લાગુ પડતા નિયમો અને નિયમનોના વિરોધાભાસ અથવા ઉલ્લંઘનમાં, ATM/POS સુવિધાનો કોઈ પણ ઉપયોગ કરવાનું એકમાત્ર જોખમ, ઉત્તરદાયિત્વ અને જવાબદારી ગ્રાહકનાં રહેશે અને આવી કોઈ પણ કાર્યવાહી અથવા ચૂક અથવા ચૂકી જવાનું કૃત્ય, જે જાણીજોઈને અથવા અન્યથા કરવામાં આવ્યાં હોય તે બદલ બેંક ઉત્તરદાયી અથવા જવાબદાર રહેશે નહીં.

એટીએમમાંથી રોકડ ઉપાડતાં પહેલાં, ડેબિટ કાર્ડ દ્વારા વેપારી POS પર અથવા ઑનલાઇન કે અન્ય કોઈપણ ઉપલબ્ધ વ્યવહારોની પદ્ધતિનો ઉપયોગ કરતાં પહેલાં, બેંકમાં રહેલા તેના ખાતામાં હંમેશા પર્યાપ્ત બેલેન્સ ઉપલબ્ધ હોય એ સુનિશ્ચિત કરવું એ ગ્રાહકની જવાબદારી છે. પર્યાપ્ત બેલેન્સના અભાવે જો બેંક દ્વારા કોઈ ગ્રાહક દ્વારા કરવામાં આવેલા નાણાંકીય વ્યવહારને માન્ય ન કરવામાં આવે તો, તે બદલ બેંક જવાબદાર રહેશે નહીં.

ડેબિટ કાર્ડનો ઉપયોગ વિવિધ બિન–વ્યક્તિગત ચેનલો જેમ કે, એટીએમ, નેટ બેન્કિંગ, મોબાઈલ બેન્કિંગ, ચેટ બોટ, વોઈસ આધારિત ચેનલ, IVR તથા અન્ય નોન–બ્રાન્ચ ડિજિટલ (NBD) ચેનલો પર ગ્રાહકોની ઓળખ પ્રસ્થાપિત કરવા અને પ્રમાણિત કરવા માટે પણ થઈ શકે છે. ઓટીપી (વન ટાઈમ પાસવર્ડ) માટે નોંધણી, નેટ બેંકિંગ પર રજિસ્ટ્રેશ જેવી કેટલીક સુવિધાઓ ગ્રાહકોને મળશે.

બી) ડિલિવરેબલ્સ (વિતરણીય)

ગ્રાહક(કો)ને ડિલિવરેબલ્સ વેલ્કમ કિટ સાથે અથવા સ્વતંત્ર મેઈલર્સ થકી મોકલાશે, જે પછી વેલ્કમ કિટ મોકલાશે. બેન્ક કુરિયર (અથવા ડિલિવરીના અન્ય માધ્યમો) દ્વારા મોકલશે. ગ્રાહકે સુનિશ્ચિત કરવાનું રહેશે કે પ્રાપ્ત થયેલ કુરિયર ફાટેલી/ખશકી/વિકૃત સ્થિતિમાં નથી. કુરિયર પેકેજ ફાટેલા/ફાટેલા/ખુલ્લી સ્થિતિમાં મળવાના કિસ્સામાં, ગ્રાહકે નજીકની શાખાની મુલાકાત લઈને અથવા મોબાઈલ બેંકિંગ દ્વારા તાત્કાલિક બેંકને જાણ કરવી જોઈએ.

ગ્રાહકોએ નોંધ લેવી જોઈએ કે કાર્ડનો પાસવર્ડ વેલકમ કિટ સાથે મોકલવામાં આવતો નથી અને તે અન્ય મેઈલર દ્વારા ગ્રાહક સુધી પહોંચશે. ડેબિટ કાર્ડની પ્રાપ્તિ પર, ગ્રાહકે પીઓએસ આઉટલેટ્સ પર ગ્રાહકની સરળ ઓળખ માટે તેની પર સહી કરવી જોઈએ. ગ્રાહકે નોંધ લેવી કે કાર્ડના ઉપયોગ/કબજાના સંદર્ભમાં નાણાકીય રીતે અથવા અન્યથા કોઈ પણ પ્રકારનું નુકસાન તેની એકમાત્ર જવાબદારી છે અને બેંક કોઈ પણ સંજોગોમાં જવાબદાર રહેશે નહીં.

બેંક (વિતરણીય) ડિલિવરેબલ્સ (દા.ત. ડેબિટ કાર્ડ/પિન મેઈલર), મહત્ત્વપૂર્ણ સૂચનાઓ અને અન્ય સંબંધિત વસ્તુઓ બેંકના રેકોર્ડમાં જાળવવામાં આવેલ હોય તદનુસાર, ગ્રાહકના મેઈલિંગ એડ્રેસ/ ઈમેઈલ/ મોબાઈલ નંબર પર મોકલી શકે છે. આથી ગ્રાહકે મેઈલિંગ સરનામું/ઈમેલ સરનામું/મોબાઈલ નંબરમાં કોઈ પણ ફેરફાર અંગે બેંકને તાત્કાલિક જાણ કરવાની જરૂર રહેશે. ગ્રાહક દ્વારા મેઈલિંગ એડ્રેસમાં ફેરફારની જાણ ન થવાને કારણે આવી વસ્તુઓ ગેરવલ્લે /નુકસાન/નિષ્ફળતા/ખોટી ડિલિવરી થવાને કારણે ગ્રાહકને થનારી કોઈ પણ નુકસાની/અસુવિધા માટે બેંક જવાબદાર રહેશે નહીં.

સી) કાર્ડની સલામતી

આરબીઆઈના આદેશ મુજબ બેંક ચિપ સક્ષમ ડેબિટ કાર્ડસ જારી કરે છે. આ કાર્ડ માહિતીને સુરક્ષિત રીતે સંગ્રહિત અને પ્રક્રિયા કરીને વધુ સુરક્ષા પ્રદાન કરે છે. આ અદ્યતન ટેક્નોલોજી નકલી કાર્ડ બનાવવા માટે કાર્ડની નકલ થતી અટકાવવા માટે વધુ અસરકારક છે.

ડેબિટ કાર્ડ ગ્રાહકોને જારી કરી શકાય છે જેનો ઉપયોગ બીજા પરિબળના પ્રમાણીકરણનો ઉપયોગ કરીને વ્યવહારો માટે કરી શકાય છે, કારણ કે, બજાર, નિયમનકારી અને બેંકની પોતાની વ્યાવસાયિક આવશ્યકતાઓ, અને તે પિન, વન ટાઈમ પાસવર્ડ અથવા અન્ય કોઈ પણ પ્રકારનું હોઈ શકે છે. સિક્યોર્ડ એટલે કે નિયમનકારી દાયરામાં બેંક દ્વારા યોગ્ય માનવામાં આવે છે.

ગ્રાહકે વ્યવહાર કરવા માટે કાર્ડ સક્રિય કરવા કાર્ડ પિન સ્થાપિત કરવાનું આવશ્યક છે. પિન ઈન્ડસઈન્ડ બેંક મોબાઈલ બેંકિંગ/નેટ બેંકિંગ/વેબસાઈટ એટીએમ અથવા ફોન બેંકિંગ થકી સ્થાપિત કરી શકાય છે. અમુક ખાતાના પ્રકાર અને/અથવા ગ્રાહકની વિનંતી પર બેંક દ્વારા પ્રત્યક્ષ પિન ગ્રાહકને સીલબંધ પરબિડીયામાં મોકલવામાં આવે છે. આ સંજોગોમાં કાર્ડ સક્રિય કરવા માટે ગ્રાહકે પિન રિસેટ/બદલી (ઈન્ડસઈન્ડ બેંક મોબાઈલ બેંકિંગ/નેટ બેંકિંગ/વેબસાઈટ એટીએમ અથવા ફોન બેંકિંગ થકી) કરવાનો રહે છે અથવા પ્રત્યક્ષ પિનનો ઉપયોગ કરીને પીઓએસ/એટીએમ પર વ્યવહાર કરવાનો રહેશે. પ્રત્યક્ષ બેંકમાં બેન્ક દ્વારા મોકલવામાં આવેલા આરંભિક પાસવર્ડ/પિન તુરંત બદલી કરવાની ભલામણ છે. ઈ–કોમર્સ ટ્રાન્ઝેક્શન પ્રમાણીકરણ માટે વન ટાઈમ પાસવર્ડ (ઓટીપી) ગ્રાહકના રજિસ્ટર્ડ મોબાઈલ નંબર પર મોકલવામાં આવે છે.

પિન/ઓટીપી જારી કરતી વખતે બેંક દ્વારા લેવામાં આવતી કાળજી અંગે બેંક ગ્રાહકોને સલાહ આપવાનું કામ કરે છે. બેંક એ પણ પુષ્ટિ કરે છે કે પિન/અથવા અન્ય કોઈ પણ સંબંધિત ડેટા કાર્ડધારક સિવાય અન્ય કોઈ અન્યને જણાવવામાં આવ્યો નથી.

ગ્રાહક બેંકને PIN/OTP નો ઉપયોગ કરીને પ્રમાણિત કરાયેલા કોઈ પણ વ્યવહારો કરવા માટે અધિકૃત કરે છે અને સાચા પિનનો ઉપયોગ કરીને ગ્રાહક ડેબિટ કાર્ડ દ્વારા શરૂ કરાયેલા વ્યવહારને પ્રમાણિત કરવા માટે બેંકની કોઈ જવાબદારી/બંધન નથી.

ડેબિટ કાર્ડની સુરક્ષિત જાળવણી

ગ્રાહકોએ નોંધ લેવી જોઈએ કે ડેબિટ કાર્ડ અને તેનાં ઓળખપત્રો, જેમાં પિન, ઓટીપી, કાર્ડની માહિતી અને લૉગ–ઈન વિગતો, ફોન બેંકિંગ ઓળખપત્રો અને અન્ય તમામ સુવિધાઓ સહિત અને તેના સુધી મર્યાદિત નથી એ બેંક સાથેના ખાતામાં નાણાકીય વ્યવહારો કરવા માટેનાં સાધનો છે. ઉપરોક્ત ઉલ્લેખિત લોકોની સલામતી અને ગોપનીયતા અને ભવિષ્યમાં પૂરી પાડવામાં આવતી સેવાઓની અન્ય તમામ ઓળખપત્રો માટે ગ્રાહક સંપૂર્ણપણે જવાબદાર રહેશે. ગ્રાહકોએ કોઈ પણ સંજોગોમાં આ ઓળખપત્રો કોઈને પણ પ્રગટ ન કરવાં જોઈએ.

વેલકમ કિટ સાથે અથવા સ્વતંત્ર મેઈલર્સ દ્વારા વેલકમ કિટ મોકલ્યા પછી ગ્રાહકોને ડિલિવરેબલ્સ મોકલવામાં આવે છે. ગ્રાહકોએ નોંધ લેવી જોઈએ કે ડિલિવરેબલ્સ ફક્ત ગ્રાહકના પત્રવ્યવહાર સરનામા પર મોકલવામાં આવે છે જે KYC ધોરણોના ભાગરૂપે યોગ્ય રીતે ચકાસાયેલ છે અને બેંકમાં નોંધાયેલ છે.

બેંક અત્યંત સુરક્ષા પૂરી પાડવાની તીવ્ર ઈચ્છાથી ગ્રાહકોને ભૌતિક ટપાલ દ્વારા પાસવર્ડ/પિનનો દાવો કરવા માટે સમર્થન આપતી નથી. આના કારણે, ગ્રાહકોને ચોક્કસ વ્યક્તિગત વિગતો પ્રદાન કર્યા પછી ઑનલાઇન/એટીએમ દ્વારા પિન જનરેટ કરવાનો વિકલ્પ પ્રદાન કરવામાં આવે છે. તેમ છતાં, જો ગ્રાહકને ભૌતિક પિન મેઈલર મોકલવાની જરૂર ઊભી થાય, તો બેંક કોઈ પણ છેતરપિંડી/દુરુપયોગ માટે જવાબદાર રહેશે નહીં. પિન વારંવાર બદલી કરવો જોઈએ.

ગ્રાહકોએ સુનિશ્ચિત કરવું જોઈએ કે ડેબિટ કાર્ડની વિગતો, પિન વિગતો, OTP અંગે માત્ર કાર્ડધારકને જ જાણકારી હોય અને કાર્ડધારકે કોઈ પણ સંજોગોમાં કોઈને પણ

જણાવવું/પ્રગટ ન કરવું જોઈએ અને PIN/OTP ને ગોપનીય રાખવા માટે આવશ્યક કાળજી લેવી જોઈએ. ખાતું બંધ કરાવવાની/કાર્ડ સરેન્ડર કરવાની સ્થિતિમાં – ગ્રાહકોએ ડેબિટ કાર્ડ બેંક શાખાના પરિસરમાં નિયુક્ત બેંક અધિકારી સિવાય અન્ય કોઈ વ્યક્તિને સોંપવું જોઇએ નહીં.

ગ્રાહક ડેબિટ કાર્ડ અને પિનની સલામતી સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે. ગ્રાહકે એ સુનિશ્ચિત કરવું જોઈએ કે ATM/ POS માં દાખલ કરવામાં આવે ત્યારે ડઁગ અન્ય કોઈ વ્યક્તિ દ્વારા જોવામાં ન આવે.

ગ્રાહકને સલાહ આપવામાં આવે છે કે પિન અને કાર્ડ અલગ અલગ રાખવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે માર્ગદર્શન સહિત દરેક સમયે કાર્ડની કાળજી લેવી જેથી કરીને ડેબિટ કાર્ડનો ઉપયોગ કરીને ગ્રાહકના ખાતામાં છેતરપિંડી ન થાય. ગ્રાહકને પિન યાદ રાખવાની અને પિનને એક સ્થાને રાખવાની પણ સલાહ આપવામાં આવે છે, જેનાથી ગ્રાહકના ખાતાની સુરક્ષા સુનિશ્ચિત થાય છે.

કાર્ડને સુરક્ષિત રાખવા માટે સર્વ ઉપયુક્ત પગલાં લેવાં અને PIN અથવા કોડને કોઈ પણ સ્વરૂપમાં જે સમજી શકાય તેવા હોય અથવા અન્યથા કોઈ પણ તૃતીય પક્ષ માટે ઍક્સેસિબલ હોય, જો આવા રેકોર્ડનો ઍક્સેસ મેળવવામાં આવે, તો પ્રામાણિકપણે અથવા અપ્રામાણિકપણે હાંસલ કરી શકાય તે રીતે રેકોર્ડ ન કરવા માટે જવાબદાર છે.

ડી) લેણદેણ સૂચના અને અન્ય સંદેશવ્યવહાર

નિયમનકારી માર્ગદર્શિકા અનુસાર ડેબિટ કાર્ડનો ઉપયોગ કરીને કરવામાં આવેલા વ્યવહારો માટે ગ્રાહકોને એસએમએસ તથા ઈમેઇલ મારફત ચેતવણી સૂચનાઓ મોકલવામાં આવે છે. બેંક આ ચેતવણી સૂચનાઓને WhatsApp અને અન્ય ડિજિટલ ચેનલો દ્વારા પણ સક્રિય કરી શકે છે. વધુમાં, ડેબિટ કાર્ડને લગતી અન્ય સૂચનાઓ/સંચાર ગ્રાહકના નોંધાયેલા મોબાઇલ નંબર અને ઈમેઇલ આઇડી પર મોકલી શકાય છે, જે બેંકના રેકોર્ડમાં ઉપલબ્ધ છે. ગ્રાહક દ્વારા ઈમેઇલ આઇડી/મોબાઇલ નંબરમાં ફેરફારની જાણ ન થવાને કારણે આવી વસ્તુઓની ગેરવલ્લે/નુકસાન/નિષ્ફળતા/ખોટી ડિલિવરી થવાને કારણે ગ્રાહકને થઈ શકે તેવા કોઈ પણ નુકસાન/હાનિ/અસુવિધા માટે બેંક જવાબદાર રહેશે નહીં.

ડેબિટ કાર્ડ પર થયેલા વ્યવહારોનો ઇતિહાસ મેળવવા માટે ગ્રાહક ફોન બેંકિંગ વિકલ્પ અથવા બેંકના ઇન્ટરનેટ/મોબાઇલ બેંકિંગનો ઉપયોગ કરી શકે છે. ગ્રાહકે એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે સ્ટેટમેન્ટમાં કોઈ પણ ભૂલ/અનિયમિતતા 15 દિવસની અંદર જાણ કરવામાં આવે. જો 15 દિવસની અંદર ગ્રાહક દ્વારા કોઈ પ્રતિસાદ નહીં આવે તો બેંક સ્ટેટમેન્ટને હકીકતમાં સાચું માની લેશે.

ઈ) કાર્ડ ગેરવલ્લે/ છેતરપિંડી

ગ્રાહકને નિમ્નલિખિત કોઈ પણ ઘટનાઓ ઉદભવવા પર બેંકને સૂચિત કરવાની સલાહ આપવામાં આવે છે:

એ) કાર્ડ ગેરવલ્લે અથવા ચોરી અથવા કાર્ડ ડેટાનું સ્કિમિંગ અથવા કોપીની જાણ થવી,

બી) ગ્રાહકના ખાતા પર અનધિકૃત લેણદેણ વિશે જાણ થવી.

ગ્રાહકે આવી કોઈ પણ ઘટનાની જાણ કરવા માટે તુરંત બેંકને માહિતગાર કરવાનું જરૂરી છે (ફોન બેંકિંગ/નજીકની શાખામાં પહોંચીને/કોઈ પણ અન્ય પ્રમાણિત સંદેશવ્યવહાર માધ્યમથી)

કાર્ડ સેવા સંબંધી કારણો માટે ગ્રાહકને નિમ્નલિખિત ચેનલો ઉપલબ્ધ થશે:

1. શાખાઓ: કાર્ડધારક કોઈ પણ બેંક શાખામાં જઈને ફરિયાદ નોંધાવી શકે છે અથવા ખોવાયેલા/ચોરાયેલા કાર્ડને હોટ લિસ્ટિંગ કરાવવા માટે વિનંતી કરી શકે છે.

2. સંપર્ક કેન્દ્ર: બેંક પાસે ટોલ ફ્રી અને ટોલ નંબર બંને સહિત 24 * 7 સમય ચાલતા કોલ સેન્ટર છે. ગ્રાહક દિવસ કે રાત ગમે ત્યારે બેંકને ફોન કરી શકે છે અને અહીં ફરિયાદ અથવા વિનંતી કરી શકે છે. ખોવાયેલા/ચોરાયેલા કાર્ડની ઓનલાઈન હોટ લિસ્ટિંગ પણ અહીં ઉપલબ્ધ છે.

3. ઇન્ડસઇન્ડ બેંક નેટ બેંકિંગ/ઇન્ડસઇન્ડ બેંક મોબાઇલ બેંકિંગ: ગ્રાહકો તેમના ડેબિટ કાર્ડને બ્લોક કરવા, કાર્ડ બદલવા માટે અરજી કરવા, વ્યવહાર મર્યાદાઓનું સંચાલન કરવા વગેરે માટે ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરી શકે છે.

4. એસએમએસ સેવા: ગ્રાહકો ડેબિટ કાર્ડસને બ્લોક કરવા માટે એસએમએસ સેવાઓનો ઉપયોગ કરી શકે છે.

તથાકથિત મુદ્દાઓ પર વધુ વિગતો બેન્કની વેબસાઈટની કાર્ડસ ટ્રે હેઠળ આપેલા ડેબિટ કાર્ડસ પેજના એફએક્યુ વિભાગમાં જોઈ શકે છે. બેંક કાર્ડ ગેરવલ્લે થવાથી અથવા કાર્ડ ખોટા હાથોમાં જવા પર અથવા ચોરાયેલા કાર્ડનો દુરુપયોગ થવા પર ગ્રાહક દ્વારા ચોરી/ગેરવલ્લે થયાની જાણકારી આપવા પૂર્વે કાર્ડ પર કોઈ પણ છેતરામણી લેણદેણ/દુરુપયોગ માટે ઉત્તરદાયી નહીં રહેશે.

જો ગ્રાહક તેના ડેબિટ કાર્ડની ચોરી, ગેરવલ્લે અથવા અન્ય હાથોમાં જવા સંબંધમાં બેંકને જાણકારી આપ્યા પછી બેંક દ્વારા નવું કાર્ડ જારી કરાશે (લાગુ અનુસાર શુલ્ક સાથે) અને બેન્કની નોંધ અનુસાર ગ્રાહકના નોંધણીકૃત સરનામે મોકલવામાં આવશે.

એફ) સમાપ્તિ

ગ્રાહક ડેબિટ કાર્ડને સમાપ્ત કરાવવા માટે બેંકને લેખિતમાં વિનંતી પણ કરી શકે છે. ડેબિટ કાર્ડ સામે બેંક દ્વારા ગ્રાહકની કાર્ડ સમાપ્તિની વિનંતીની પ્રાપ્તિના સમય સુધીમાં ગ્રાહક કોઈ પણ બાકી લેણાં ચૂકતે કરવા માટે ગ્રાહક જવાબદાર રહેશે. બેંક પાસેના ગ્રાહકના ખાતામાં ઉપલબ્ધ કોઈ પણ ક્રેડિટ સામે કોઈ પણ બાકી લેણાંને સેટ–ઓફ કરવાનો અધિકાર અનામત રાખે છે.

ગ્રાહકે ડેબિટ કાર્ડના સરેન્ડરિંગ/ટર્મિનેશન/હોટ લિસ્ટિંગ કરવા પર મેગ્નેટિક સ્ટ્રિપ અને ચિપના બે ટુકડા કરીનેતેનો નાશ કરવો જોઈએ.

ખાતું બંધ થવાની સ્થિતિમાં, ગ્રાહકે એટીએમ/ડેબિટ કાર્ડ બેંકને પરત કરવું પડશે. આવાં સાધનોને નુકસાનને કારણે ગ્રાહક દ્વારા થતા કોઈ પણ નુકસાન માટે બેંક જવાબદાર રહેશે નહીં. જો ગ્રાહક કોઈ પણ કારણોસર તેનું બેંક ખાતું બંધ કરે છે તો કાર્ડ નિષ્ક્રિય થઈ જાય છે અને ગ્રાહકને તાત્કાલિક કાર્ડનો નાશ કરવાની સલાહ આપવામાં આવે છે.

બેંક વેપાર અથવા સલામતીનાં કારણોસર તેને જરૂરી વાજબી રીતે જરૂર હોવાનું જણાય તો બેંક કોઈ પણ સમયે પૂર્વસૂચના આપ્યા વિના કાર્ડનો ઉપયોગ નિયંત્રિત, સમાપ્ત અથવા મોડ્યૂલ પણ કરી શકે છે.

જી) માન્યતા

કાર્ડ સમાપ્તિ મહિના તરીકે કાર્ડ પર દર્શાવેલા મહિનાના છેલ્લા કામકાજના દિવસ સુધી માન્ય છે. કાર્ડના આગલા ભાગ પર દર્શાવેલો નિર્ધારિત સમયગાળો આ કાર્ડ માટે માન્ય છે. બેંક તેના એકમેવ નિર્ણયાનુસાર અને સમયે સમયે, તેના એકમેવ નિર્ણયાનુસાર નક્કી કરવામાં આવ્યા અનુસાર, વર્તમાન કાર્ડની માન્યતા વધારી શકે છે અથવા તેને બદલી શકે છે. ગ્રાહકને નવું કાર્ડ મોકલવા પૂર્વે ઉપલક રકમ વિશે જાણ કરાશે અને તે નકારવાનો વિકલ્પ ધરાવશે.

સર્વ કાર્ડસ જારી/પુનઃજારી કરવા સમયે ભારતમાં ઉપયોગના સંપર્ક મૂળનાં સ્થળો ખાતે જ એનેબલ્ડ છે (એટીએમ અને પીઓએસ, એટલે કે, પોઇન્ટ ઓફ સેલ ડિવાઇસીસ). ગ્રાહક ઉપયોગની અગ્રતા સક્રિય/નિષ્ક્રિય કરી શકે છે અને બેંકના નેટ બેંકિંગ/મોબાઇલ બેંકિંગ થકી એટીએમ/પીઓએસ/ઈ–કોમર્સ/કોન્ટેક્ટલેસ પર ઘરઆંગણાની અને આંતરરાષ્ટ્રીય લેણદેણ મર્યાદા સુધારીને કોઈ પણ સમયે કાર્ડ પર લેણદેણ મર્યાદાનું વ્યવસ્થાપન કરી શકે છે.

એનઆરઓ ગ્રાહકો માટે ડેબિટ કાર્ડસ ઘરઆંગણાની લેણદેણ માટે જ જારી કરાય છે અને તેથી આંતરરાષ્ટ્રીય લેણદેણ મર્યાદા ઉમેરી નહીં શકાશે.

એચ) વિશિષ્ટતાઓ અને ફી:

• ફી:

કોઈ પણ અઝખ/ડ્યજ/અન્ય ઉપકરણો પર કાર્ડના ઉપયોગ માટે સંબંધિત ખાતા પર સેવા શુલ્ક અને/અથવા ટ્રાન્ઝેક્શન ફી અને અથવા પ્રોસેસિંગ અને/અથવા કન્વર્ઝન ફી વસૂલ કરવામાં આવી શકે છે. કાર્ડ પરના વ્યવહારો માટે વસૂલવામાં આવતા કોઈ પણ શુલ્ક/ફી/કન્વર્ઝન શુલ્ક સંબંધિત ખાતામાં ડેબિટ કરવામાં આવશે અને તેની ચુકવણી માટે ગ્રાહક સંપૂર્ણપણે જવાબદાર અને ઉત્તરદાયી રહેશે.

ડેબિટ કાર્ડ જારી કરવા/ઉપયોગ/રિપ્લેસમેન્ટ/હોટ–લિસ્ટિંગ વગેરે માટેની ફી/ચાર્જ વેબસાઇટ પર ઉપલબ્ધ ચાર્જીસની સૂચિ હેઠળ ઉપલબ્ધ વિગતો મુજબ છે.

• પુરસ્કાર કાર્યક્રમ:

ઇન્ડસ રિવોર્ડસ અને/અથવા ઇન્ડી લોયલ્ટી પ્રોગ્રામ બેંકનાં ડેબિટ કાર્ડસ ધરાવતા ગ્રાહકો માટે અજોડ ગ્રાહક પુરસ્કાર કાર્યક્રમ છે.

આ કાર્યક્રમ હેઠળ ગ્રાહકો ડેબિટ કાર્ડ લેણદેણ પર રિવોર્ડ પોઇન્ટ્સ/ઇન્ડી જેમ્સ જમા કરી શકે છે. આવા પોઇન્ટ્સ ખાતામાં કેશબેક તરીકે રિડીમ કરી શકે અથવા પોઇન્ટ્સની સમાપ્તિ પૂર્વે ગ્રાહક પાસેના ડેબિટ કાર્ડના પ્રકારને આધારે કેટલોગ રિડેમ્પશન સામે રિડીમ કરી શકે છે.

ગ્રાહક દ્વારા કરાતી બધી લેણદેણ ઇન્ડસ રિવોર્ડસ પ્રોગ્રામ અથવા ઇન્ડી લોયલ્ટી પ્રોગ્રામ્સ હેઠળ લાભ માટે પાત્ર નથી હોતા. ગ્રાહકે બેંકની વેબસાઇટ પરથી અથવા મોબાઇલ બેંકિંગનો ઉપયોગ કરીને બેંકનો સંપર્ક કરીને અથવા વ્યક્તિગત રીતે બેંકની કોઈ પણ શાખામાં જઇને અથવા કોઈ પણ અન્ય પ્રમાણિત સંદેશવ્યવહારના માધ્યમથી પાત્ર લેણદેણની ચાટી ચકાસી લેવી જોઇએ.

ઈન્ડસ રિવોર્ડસ અથવા ઈન્ડી લોયલ્ટી પ્રોગ્રામ થકી કમાણી કરેલા રિવોર્ડ પોઇન્ટ્સ બેંકની રિવોર્ડ રિડેમ્પશન નીતિ અનુસાર રિડીમ કરી શકાય છે. ગ્રાહકો રિવોર્ડ પોઇન્ટ્સની થ્રેસહોલ્ડ સંખ્યા જમા કર્યા પછી જ રિવોર્ડ પોઇન્ટ્સ રિડીમ કરી શકે છે, જે થ્રેસહોલ્ડ બેંક દ્વારા સમયાંતરે નક્કી કરાશે.

બેંક આખરી નિર્ણય લેશે અને તે રિવોર્ડ પોઇન્ટના સંચય/રિડેમ્પશન, કૅશ બૅકની પાત્રતા/કૅશ બૅકની રકમ અથવા ગ્રાહક ખાતામાં કૅશ બૅક જમા કરાવવાના સમયના સંદર્ભમાં કોઈ પણ વિવાદ/વિસંગતતાના કિસ્સામાં ગ્રાહકને બંધનકર્તા રહેશે.

પુરસ્કાર કાર્યક્રમો અને અન્ય પ્રમોશનલ પ્રવૃત્તિઓ સમયબદ્ધ છે અને ગ્રાહકને અગાઉથી જાણ કર્યા વિના બેંક કોઈ પણ સમયે બંધ કરી શકે છે.

• વીમોઃ

કાર્ડના પ્રકારના આધારે ગ્રાહક માટે ડેબિટ કાર્ડ ઇનબિલ્ટ વીમા કવર (કોમ્પ્લિમેન્ટરી/કિંમતે) સાથે આવી શકે છે. વીમા કવર અંતર્ગત સંબંધિત વીમા કવર માટે લાગુ પડતા નિયમો અને શરતો પર ખોવાયેલ કાર્ડ જવાબદારી, ખરીદી સુરક્ષા, વ્યક્તિગત અકસ્માત મૃત્યુ વીમો, હવાઈ અકસ્માત વીમો, ચેક્ડ બેગેજના વિલંબનો વીમો, એટીએમ હુમલાનો વીમો, ઑનલાઇન છેતરપિંડી સંરક્ષણ વીમો વગેરેનો સમાવેશ થઈ શકે છે. બેંક દ્વારા પ્રદાન કરવામાં આવેલા વીમા કવર માટે લાગુ પડતા નિયમો અને શરતોનું પાલન કર્યા બાદ જ ગ્રાહકો લાભોનો દાવો કરવા માટે હકદાર બને છે.

વીમાની રકમ કાર્ડના પ્રકાર, ખાતા, ઉપયોગ વગેરેના આધારે બદલાય છે. બેંક તેની મુનસફી પ્રમાણે સમયાંતરે આ વીમાના નિયમો અને શરતો બદલવાનો અધિકાર અનામત રાખે છે. ગ્રાહકે નવીનતમ લાગુ વીમા રક્ષણની વિગતો અને સંબંધિત નિયમો અને શરતો સાથે દાવા અને દસ્તાવેજીકરણ પ્રક્રિયા માટે બેન્કની વેબસાઇટ જોઈ લેવી જોઈએ. વિગતો https://www.indusind.com/in/en/personal/insurance-on-card.html પર મળશે. દાવાના કિસ્સામાં જ્યાં નોમિનીની વિગતો આવશ્યક હોય, જેમ કે, અંગત અકસ્માત મૃત્યુ, હવા અકસ્માત વીમો વગેરે તો ડેબિટ કાર્ડને લિંક્ડ ખાતા પર ઉપલબ્ધ ''વ્યક્તિગત ગ્રાહકો''ની નોમિનીની વિગતો જ દાવા વીમા લાભના હેતુથી ઉપયોગ કરાશે. જો ગ્રાહકની નોમિનીની વિગતો ખાતામાં ઉપલબ્ધ નહીં હોય તો વીમા કંપની દ્વારા આવશ્યક મુજબ દસ્તાવેજીકરણ અને યોગ્ય પ્રક્રિયા દ્વારા નિશ્ચિત કરાતા ''વ્યક્તિગત ગ્રાહકો''ના કાનૂની વારસદારો દાવાની પહેલ કરી શકે છે. બિન– વ્યક્તિગત ખાતા માટે પેઢી, કંપની જેવા ગ્રાહક, જ્યાં નોમિનીની વિગતો ઉપલબ્ધ નહીં હોય ત્યાં નોમિનીની વિગતો આવશ્યક હોય તેવા ડેબિટ કાર્ડ પર વીમા રક્ષણ લાગુ નથી. વીમાની ઉપલબ્ધતામાં દરેક નિવેદનમાં અન્ય માહિતી સાથેનો સમાવેશ થાય છે.

• એડ-ઓન કાર્ડસૂઃ

પ્રોડક્ટની વિશિષ્ટતાના આધારે, ગ્રાહકો હાલના બચત ખાતા માટે એડ–ઓન ડેબિટ કાર્ડ પ્રાપ્ત કરવા માટે હકદાર છે. આ એડ–ઓન કાર્ડસનો ઉપયોગ ગ્રાહકનું એકમાત્ર ઉત્તરદાયિત્વ અને જવાબદારી છે અને બેંક આ સુવિધા માત્ર વિકલ્પ તરીકે જ પ્રદાન કરે છે. એડ–ઓન ડેબિટ કાર્ડની મર્યાદા, શુલ્ક અને વિશિષ્ટતાઓ ડેબિટ કાર્ડના પ્રકાર અનુસાર રહેશે અને મુખ્ય ખાતા ધારકને જારી ડેબિટ કાર્ડ પર નિર્ભર નથી.

આઈ) માહિતીનું આદાનપ્રદાન/ઘોષણા

બેંક ડેબિટ કાર્ડનો સ્વીકાર કરીને અને તેનો ઉપયોગ કરીને ગ્રાહક(કો)એ બેંક સ્વેચ્છાથી નોંધાવેલી/આદાનપ્રદાન કરેલી અને ભવિષ્યમાં કોઈ પણ સમયે સ્વૈચ્છાથી નોંધણી/આદાનપ્રદાન કરી શકે તે ગ્રાહકના નોંધણીકૃત સંદેશવ્યવહાર, સંપર્ક સરનામાં/વિગતો (ટપાલ, ઈ–ઈમેઇલ, મોબાઇલ નંબર, સોશિયલ મિડિયા મંચો/ચેનલો વગેરે)ને મર્યાદિત નહીં પણ તેના સહિત કોઈ પણ માહિતી અને/અથવા દસ્તાવેજો સમયાંતરે બેંક ઉપયોગ, આદાનપ્રદાન અને જાહેર કરવાનું સ્વીકારે, અધિકૃતિ સમર્થન અને મંજૂરી આપે છે, જેમાં સમાવેશ રહેશેઃ

1. બેંકની કોઈ પણ વાલી/સબસિડિયરી/ સંલગ્નિત/સહયોગી,
2. ભારતીય રિઝર્વ બેંક (RBI)/આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા કેન્દ્ર (IFSC),
3. ભારત સરકાર તેના અધિકૃત પ્રતિનિધિ/સંસ્થા દ્વારા,
4. અદાલતો/તપાસ એજન્સીઓ,
5. સિક્યોરિટીઝ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી),
6. સ્ટોક એક્સચેન્જોના અધિકૃત પ્રતિનિધિઓ,
7. ઓડિટર, વ્યાવસાયિક સલાહકારો,
8. બેંક સાથે સંકળાયેલા તૃતીય પક્ષ અને કોઈ પણ એજન્ટ/સેવા પ્રદાતાઓ/વ્યાવસાયિક સલાહકારો, કોઈ પણ અન્ય કાનૂની સંસ્થા/અધિકૃત વ્યક્તિ, જેઓ આવી માહિતી માટે હક ધરાવે છે,
9. ક્રેડિટ ઇન્ફર્મેશન બ્યુરો, જેમાં CIBIL નો સમાવેશ થાય છે,
10. કોઈ પણ અન્ય સંસ્થા, જેની સાથે બેંકે આવી માહિતી આદાનપ્રદાન કરવાનું આવશ્યક હોય.

કથિત માહિતી નિમ્નલિખિત કોઈ પણ હેતુઓ માટે બેંક દ્વારા આદાનપ્રદાન કરી શકાય છેઃ

1. ગ્રાહકનું ખાતું(તાં)ના સંચાલન/બેંક પાસેથી ગ્રાહક(કો) દ્વારા લેવાયેલી સેવાઓ સંબંધમાં બેંક, સેન્ટ્રલ કેવાયસી રજિસ્ટ્રી અને/અથવા બેંકની કોઈ પણ અધિકૃત સેવા પ્રદાતાઓ/સંસ્થા(ઓ)/વ્યાવસાયિક સલાહકારો થકી માહિતી પ્રાપ્ત કરવી, અને/અથવા
2. એપીઆઈ આધારિત ખરાઈ, જ્યાં ગ્રાહકની વિગતો બેંકિંગ વિનંતીઓ/બેંકના વેબ એપ્લિકેશન્સ/સિસ્ટમ્સ થકી ગ્રાહકની વિગતો આપોઆપ અપાય છે/પ્રક્રિયા કરાય છે, અને/ અથવા
3. બેંકના મોજૂદ ગ્રાહક તરીકે સામાન્ય ઉપભોગ અથવા ફીડબેક પૂરો પાડવા માટે ગ્રાહકને વાકેફ કરવાનું આવશ્યક છે/હોઈ શકે તેવી બેંકની પ્રોડક્ટો/સેવાઓ વિશે કોઈ પણ પ્રકારની પ્રમોશનલ/સંશોધન/પ્રતિક્રિયા આધારિત કવાયત, ત્યાં સુધી જ્યારે ગ્રાહક(કો) બેંકે વ્યાખ્યા કરેલી પ્રક્રિયા અનુસાર તેમની કોઈ પણ/સર્વ સંદેશવ્યવહારનાં સરનામાં/વિગતો પર સંદેશવ્યવહાર મોકલવાનું બંધ કરવા બેંકને વિનંતીઓ/સૂચિત કરે અને બેંક ગ્રાહક દ્વારા પૂરી પાડવામાં આવેલી સર્વ ગ્રાહકની સંદેશવ્યવહાર સંપર્ક વિગતોની સલામતી અને ગોપનીયતાની બેંક ખાતરી રાખશે એ જ્ઞાત રાખીને. જો ગ્રાહક બિનનિવાસી ભારતીય (એનઆરઆઈ)/વિદેશી નાગરિક છે અથવા બને તો ગ્રાહક સમર્થન આપે છે કે આ સંમતિ બિન–નિવાસી ભારતીય તરીકે તેમની ક્ષમતામાં છે અને આવું કરીને તેઓ ગ્રાહકને લાગુ અનુસાર તેમના નિવાસના દેશના નિયમન અથવા કાયદાનું કોઈ પણ રીતે ઉલ્લંઘન અથવા ભંગ કરતા નથી.

બેન્ક તેને જે પણ સ્રોત ઉપયોગ હોય તે થકી બેંકને અનુકૂળ લાગે તે અનુસાર ગ્રાહક અથવા તેમનું ખાતું(તાં)/નાણાકીય સ્થિતિ વિશે કોઈ પણ અન્ય માહિતી સ્રોત કરવા અબાધિત અધિકાર ધરાવે છે.

j) એટીએમ લેણદેણ સંબંધી વિખવાદઃ

જો કાર્ડધારકને ધ્યાનમાં આવે કે એટીએમ લેણદેણ માટે તેમના ખાતામાંથી કપાતની ખોટી એન્ટ્રી છે તે કાર્ડધારકે તુરંત બેંક પાસે આ મુદ્દો ઉપસ્થિત કરવાનો રહેશે. બેંક તપાસ કરશે અને તેનાં તારણોની કાર્ડધારકને જાણ કરશે અને કાર્ડધારક પર બેંકનો નિર્ણય આખરી અને બંધનકારક રહેશે. લેણદેણ સંબંધી કોઈ પણ વિખવાદોની આવી વિવાદિત લેણદેણની તારીખથી 30 દિવસમાં લેખિતમાં બેન્કને જાણ કરવાનું જરૂરી છે.

જો કાર્ડધારકને એટીએમમાંથી ફાટેલી/ખરાબ/કપાયેલી/ચેડાં કરેલી ચલણી નોટ(ટો) પ્રાપ્ત થાય તો કાર્ડધારકે શાખામાં જવાનું રહેશે અને પત્ર તથા લેણદેણ રસીદ સુપરત કરીને નોટ(ટો) બદલી કરવાની રહેશે અને સમર્થન આપવાનું રહેશે કે કાર્ડધારકે એટીએમમાં લેણદેણ કરી હતી. દાવાના કોઈ પણ અન્ય સ્વરૂપને બેંક ધ્યાનમાં નહીં લેશે.

જો બેંકને એટીએમ/ટેલર મશીન થકી કાર્ડધારકે જમા કરેલી ચલણી નોટ(ટો) ચેડાં/ફાટેલી/ખરાબ હોવાનું જણાય તો બેંક તેને ચેડાં/ફાટેલી/ખરાબ નોટ(ટો)ના મૂલ્યને અનુરૂપ ધિરાણ તેને આપશે નહીં. બેંક ચેડાં કરેલી ચલણી નોટ(ટો) પણ કાર્ડધારકને પાછી નહીં આપશે. જોકે કાર્ડધારકની લેખિત વિનંતીને આધારે બેં ખરાબ/ફાટેલી કરન્સી નોટ(ટો) પાછી આપશે. બેંક સમયાંતરે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા જારી માર્ગદર્શિકા અનુસાર આવી ચેડાં/ખરાબ/ફાટેલી ચલણી નોટ(ટો) વિશે સંબંધિત પ્રશાસનને જાણકારી આપવા પર સર્વ આવશ્યકતાઓ/માર્ગદર્શિકાઓનું પાલન પણ કરશે.

કોઈ પણ વિખવાદના સંજોગોમાં બેંક એટીએમની ઓડિટ ટ્રેઇલ (મુદ્રિત/બિન–સંપાદક્ષમ ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં) સર્વ વિખવાદોમાં આખરી અને તારણાત્મક છે. કાર્ડધારક ઓડિટ ટ્રેઇલના રેકોર્ડિંગ્સ દ્વારા બંધાયેલા રહેવા માટે સંમતિ આપશે.

કાર્ડધારકનું કાર્ડ જો અન્ય બેન્ક એટીએમમાં ફસાઈ જાય તો કાર્ડધારકને બેંકને સૂચિત કરવાની સલાહ છે, જેથી ફસાયેલું કાર્ડ બ્લોક કરી શકાય અને નવું કાર્ડ ગ્રાહકને જારી કરી શકાય.

બી) લેણદેણ નિષ્ફળતા/ રિવર્સલ

નિષ્ફળ/અસફળ લેણદેણનું રિવર્સલ અને નિર્દિષ્ટ સમયરેખાને પહોંચી વળવામાં નિષ્ફળતા માટે ચૂકવવાપાત્ર ભરપાઈ માટે સમયગાળો નીચે મુજબ રહેશેઃ

અનુ ક્રમ	ઘટનાનું વિવરણ	ઓટો રિવર્સલ અને ભરપાઈની કાર્યરેખા	
		ઓટો-રિવર્સલ માટે સમયરેખા	ચૂકવવાપાત્ર ભરપાઈ
માઈક્રો- એટીએમ સહિત ઓટોમેટેડ ટેલર મશીનસ (એટીએમ)			
એ.	ગ્રાહકના ખાતામાંથી રકમ કપાઈ, પરંતુ રોકડ મળી નથી.	મહત્તમ T+5 કામકાજના દિવસમાં નિષ્ફળ લેણદેણનું પૂર્વ- સક્રિય રિવર્સલ (આર)	ખાતા ધારકની ક્રેડિટમાં T+5 કામકાજના દિવસની પાર વિલંબ માટે દિવસ દીઠ રૂ. 100/-
કાર્ડ લેણદેણ			
એ.	પીઓએસ ખાતે રોકડ સહિત પોઇન્ટ ઓફ સેલ (પીઓએસ) (કાર્ડ પ્રસ્તુત) ખાતામાંથી રકમ કપાઈ પરંતુ વેપારી સ્થળે સમર્થન પ્રાપ્ત થયું નહીં, એટલે કે, ચાર્જ સ્લિપ ઊપજી નથી.	ઓટો- રિવર્સલ T+5 કામકાજના દિવસમાં.	T+5 કામકાજના દિવસ પછી વિલંબ માટે દિવસદીઠ રૂ. 100/-
બી.	કાર્ડ નોટ પ્રેઝેન્ટ (સીએનપી) (ઈ-કોમર્સ) ખાતામાંથી કપાત થઈ, પરંતુ વેપારીની પ્રણાલીમાં સમર્થન પ્રાપ્ત થયું નથી.		

વધુ વિગતો અને નવીનતમ લાગુ કાર્યરેખા માટે ગ્રાહકને બેંકની વેબસાઈટ પર મુકાયેલી બેંકની ગ્રાહક ભરપાઈ નીતિ જોઈ લેવાની વિનંતી છે.

જે) ગ્રાહકની મર્યાદિત લાયેબિલિટી

(એ) ગ્રાહકની શૂન્ય લાયેબિલિટી

ગ્રાહકનો શૂન્ય લાયેબિલિટીનો હક ત્યારે ઉદભવશે જ્યારે નિમ્નલિખિત કિસ્સામાં અનધિકૃત લેણદેણ ઉદભવશે:

1. બેંકના ભાગે યોગદાનકારી ઠગાઈ/બેદરકારી/ખામી (ગ્રાહક દ્વારા લેણદેણ વિશે જાણકારી અપાઈ હોય કે નહીં તે છતાં),

2. તૃતીય પક્ષ ઉલ્લંઘન, જ્યાં કસૂર બેંકનો કે ગ્રાહકનો પણ નહીં હોય, પરંતુ પ્રણાલીમાં અન્યત્ર હોય અને ગ્રાહક અનધિકૃત લેણદેણ સંબંધમાં બેંક પાસેથી સંદેશવ્યવહાર પ્રાપ્ત થયાના ત્રણ કામકાજના દિવસમાં બેંકને જાણકારી આપે.

(બી) ગ્રાહકની મર્યાદિત લાયેબિલિટી

ગ્રાહક નિમ્નલિખિત કિસ્સામાં અનધિકૃત લેણદેણને લીધે ઉદભવનારા નુકસાન માટે ઉત્તરદાયી રહેશે.

1. જો ગ્રાહક દ્વારા બેદરકારીથી નુકસાન થાય, જેમ કે, તેઓ પેમેન્ટ ક્રિડેન્શિયલ્સ આદાનપ્રદાન કરે તો ગ્રાહકે બેંકને અનધિકૃત લેણદેણની જાણકારી આપે ત્યાં સુધી સંપૂર્ણ નુકસાન ભોગવવાનું રહેશે. અનધિકૃત લેણદેણની જાણ કર્યા પછી કોઈ પણ નુકસાન ઉદભવે તો અનધિકૃત લેણદેણ બેંક દ્વારા ભોગવવાની રહેશે.

2. જો અનધિકૃત બેંકિંગ લેણદેણ માટે બેંક અથવા ગ્રાહક પણ જવાબદાર નહીં હોય અને પ્રણાલીમાં અન્યત્ર તે કસૂર થયો હોય અને આવી લેણદેણની બેંકને જાણકારી આપવામાં ગ્રાહકના ભાગે વિલંબ **(બેંક પાસેથી સંદેશ પ્રાપ્ત થયા પછી ચારથી સાત કામકાજના દિવસનો વિલંબ)** થયો હોય તો ગ્રાહકની લેણદેણ દીઠ લાયેબિલિટી લેણદેણ મૂલ્ય અથવા **કોષ્ટક 1** માં ઉલ્લેખિત રકમોથી જે પણ ઓછી હોય તેના પૂરતી મર્યાદિત રહેશે.

કોષ્ટક 1 **ફકરો 2 કે) (બી) (2) હેઠળ ગ્રાહકની મહત્તમ લાયેબિલિટી**	
ખાતાનો પ્રકાર	**મહત્તમ લાયેબિલિટી (રૂ.)**
• સર્વ અન્ય બચત બેંક ખાતાં.	5,000
• પ્રી–પેઈડ ચુકવણી સાધનો અને ગિફ્ટ કાર્ડસ. • એમએસએમઈનાં કરન્ટ/ કેશ ક્રેડિટ/ઓવરડ્રાફ્ટ ખાતાં. • વાર્ષિક સરેરાશ બેલેન્સ સાથે વ્યક્તિગતના ચાલુ ખાતાં/રોકડ જમા/ઓવરડ્રાફ્ટ ખાતાં (છેતરપિંડીની ઘટના પછી 365 દિવસ દરમિયાન)/રૂ. 25 લાખ સુધી મર્યાદિત. • રૂ. 5 લાખ સુધી મર્યાદા સાથે ક્રેડિટ કાર્ડસ.	10,000
• સર્વ અન્ય ચાલુ/રોકડ જમા/ઓવરડ્રાફ્ટ ખાતાં. • રૂ. 5 લાખથી વધુ મર્યાદા સાથે ક્રેડિટ કાર્ડસ.	25,000

ઉપરાંત જો વિલંબની જાણકારી **સાત કામકાજના દિવસ** પછી અપાઈ હોય તો ગ્રાહકની લાયેબિલિટી બેંકની બોર્ડ માન્ય નીતિ અનુસાર નક્કી કરાશે.

(સી) ગ્રાહકની શૂન્ય લાયેબિલિટી/મર્યાદિત લાયેબિલિટી માટે રિવર્સલ સમયરેખા

ગ્રાહક દ્વારા જાણકારી આપ્યા પછી બેંક ગ્રાહક દ્વારા આવી જાણકારી આપ્યાની તારીખથી 10 કામકાજના દિવસમાં ગ્રાહકના ખાતામાં અનધિકૃત ઈલેક્ટ્રોનિક લેણદેણમાં સંકળાયેલી રકમ જમા (શેડો રિવર્સલ) કરશે (જો કોઈ હોય તો વીમાના દાવાની પતાવટ માટે થોભ્યા વિના). બેંક તેની પોતાની મુનસફીથી ગ્રાહકની બેદરકારીના કિસ્સામાં પણ અનધિકૃત ઈલેક્ટ્રોનિક બેંકિંગ લેણદ્રણના કિસ્સામાં કોઈ પણ ગ્રાહકની લાયેબિલિટી માફ કરવાનું પણ નક્કી કરી શકે છે. ધિરાણ મૂલ્ય અનધિકૃત લેણદેણની આવી જાણકારીનું મૂલ્ય રહેશે.

3. નિયમો અને શરતોમાં સુધારણા:

બેંક, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી આ દસ્તાવેજની કોઈ પણ શરતો બદલી શકે છે. શુલ્ક લાગુ કરવા અથવા તેની શરતોમાં કોઈ પણ સુધારા ગ્રાહકને 30 દિવસ કે તેથી વધુ સમયની પૂર્વ–સૂચના આપ્યા પછી જ લાગુ કરવામાં આવે છે. આવા ફેરફારોની સૂચના ગ્રાહકને સંચારના બહુવિધ માધ્યમો દ્વારા આપવામાં આવે છે, જેમાં સીધી ટપાલ, ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ સ્ટેટમેન્ટ્સ, ઈ–મેઈલર્સ અને એસએમએસનો સમાવેશ થાય છે, પરંતુ એ પૂરતો મર્યાદિત નથી. આ ઉપરાંત, બેંકની વેબસાઈટ પર પણ એ સમયાંતરે સુધારિત કરવામાં આવે છે.

30 દિવસની નોટિસ અવધિ પછી, જો કાર્ડધારકે નિર્દિષ્ટ સમયગાળા દરમિયાન ઉપાડ ન કર્યો હોય તો તેમણે શરતો સ્વીકારી હોવાનું માનવામાં આવશે.

4. કાયદોનું શાસન અને કાનૂની ન્યાયસીમા:

નિયમો અને શરતો, અથવા બેંકમાં રાખેલાં ખાતાંઓની કામગીરી અથવા બેંક દ્વારા તેના ગ્રાહકોને પ્રદાન કરવામાં આવતી સેવાઓ ફક્ત ભારતીય પ્રજાસત્તાકના કાયદા દ્વારા સંચાલિત થશે. કોઈ પણ વિવાદ/દાવા/મુદ્દાઓ મુંબઈના અધિકારક્ષેત્ર હેઠળની અદાલતો/લવાદમાં લાવવામાં આવશે. બેંક કોઈ પણ ગ્રાહક સામે કોઈ પણ કોર્ટ/લવાદ/પ્રાધિકરણમાં કાર્યવાહી શરૂ કરવાનો અધિકાર અનામત રાખે છે અને ગ્રાહક આથી તે અધિકારક્ષેત્ર સાથે સંમતિ આપે છે.

જો આ નિયમો અને શરતોની કોઈ પણ જોગવાઈ કાયદેસર રીતે અસમર્થ/અસરકારક/પ્રતિબંધિત થઈ જાય, તો પછી અમલીકરણની આટલી હદ માત્ર ઉપરોક્ત જોગવાઈને જ લાગુ પડશે અને નિયમો અને શરતોની બાકીની જોગવાઈઓને અમાન્ય બનાવશે નહીં.